# ગુજરાત કૃષિ યુનિવર્સિટી સેન્ટ્રલ કોઓપરેટીવ કન્ઝયુમર્સ સ્ટોર્સ લિ.,નવસારી.

**(નોંધણીનં . એમ/૭૭૯/૪૯૫ તા. ૦૫–૧૨–૧૯૭૭)**

**સ્થાપના: તા. ૩૦/૬/૧૯૬૬**

# પરિપત્ર

## વિષય: અનાજ દળવાની ઘંટી ચલાવવાના કોન્ટ્રાકટ બાબત....

આથી અનાજ દળવાની ઘંટી ચલાવવા માટે ઈચ્છુક અને રસ ધરાવતા તમામને જણાવવામાં આવે છે કે અત્રેના **ગુજરાત કૃષિ યુનિવર્સિટી સેન્ટ્રલ કોઓપરેટીવ કન્ઝયુમર્સ સ્ટોર્સ લિ.,**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના નિયંત્રણ હેઠળ અનાજ દળવાની ઘંટી ચલાવવામાં આવે છે. સદર ઘંટીનો માસિક ભાડાથી કોન્ટ્રાકટ તા. ૧/૧૧/૨૦૧૪ની અસર થી આપવાનો છે. તો સદર કોન્ટ્રાકટ મેળવવા માગતા ઈસમોએ આ અંગેની શરતો તથા નિયમો નીચે મુજબ છે જે ધ્યાનમાં રાખીને ઘટતી કાર્યવાહી કરવા વિનંતી છે. આમ છતા વધુ માહિતી અને જાણકારી મેળવવા માટે સ્ટોર્સ ખાતે રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

**તા.૨૨/૧૦/૨૦૧૪ સુધીમાં કોન્ટ્રાકટ મેળવવા માંગતા ઈસમોએ અરજી કરવાની રહેશે. ત્યારબાદની અરજીઓની ગ્રાહય રાખવી કે કેમ તેની સત્તા સ્ટોર્સની અબાધિત રહેશે.**

નવસારી,
તા. ૩/૧૦ /૨૦૧૪

સહી/ –
પ્રમુખ
ગુ.કૃ.યુ. સે.કો.ક.સ્ટોર્સ
ન.કૃ.યુ., નવસારી

<u>નકલ સવિનય રવાના</u>

(૧) તમામ સંબધિતો તરફ જાણ તથા બહોળી પ્રસિધ્ધિ અર્થે
(૨) સ્ટોર્સના નોટીસ બોર્ડ તરફ

**અનાજ દળવાની ઘંટી ચલાવવાની શરતો અને નિયમો:**

**(૧) ઘંટીની સંપૂર્ણ માલિકી સ્ટોર્સની રહેશે.**
**(૨) કોન્ટ્રાકટ મેળવવા માંગતા ઈસમોએ લેખિતમાં પોતાના નામ/સરનામાના આધાર પુરાવાની નકલ સાથે તથા માસિક ભાડાની રકમ સાથે અરજી કરવાની રહેશ.**
**(૩) સદર કોન્ટ્રાકટ માસિક ભાડાથી કામચલાઉ ધોરણે આપવામાં આવશે અને તેને ગમે ત્યારે રદ કરવાની અથવા ચાલુ રાખવાની સંપૂર્ણ સત્તા સ્ટોર્સની અબાધિત રહેશે.**
**(૪) ડીપોઝીટ પેટે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) જમા કરાવવાના રહેશે.**
**(૫) માસિક ભાડાની રકમ જે તે માસની ૧ થી ૭ તારીખ સુધીમાં અચુક જમા કરાવવાની રહેશે.**
**(૬) સ્ટોર્સ નકકી કરી આપે તે પ્રમાણેના દળામણના દરે દળવાનું રહેશે.**
**(૭) કોન્ટ્રાકટરે ઘંટીનું ઈલેકટ્રીક બીલ પોતે ભરવાનું રહેશે.**
**(૮) કોન્ટ્રાકટરે ઘંટી રૂમની સફાઈ/ઘંટીની સફાઈ/ઘંટીની મરામત પોતે કરવાની રહેશે.**
**(૯) કોન્ટ્રાકટરે ગ્રાહકો સાથે સૌજન્યપૂર્વક વર્તવાનું રહેશે.**
**(૧૦) કોઈપણ મુશ્કેલી કે અન્ય બાબતો અંગે સ્ટોર્સનો નિર્ણય માન્ય રાખવાનો રહેશે.**